ક્રમાંક :- જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૧(૧૦)/ ૦૬
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૦૬/૦૨/૨૦૧૪

## // પરિપત્ર //

વિષય :- ફાળવણી કરવામાં આવેલ પ્લોટ/ શેડ કે અન્ય મિલ્કતના પ્રત્યક્ષ કબજા મેળવેલ ન હોય તેવા કિસ્સામાં તથા જે કિસ્સામાં ફાળવણીદાર ને પ્લોટના વપરાશ અંગેની પરિસ્થિતી ન હોય અને નિગમની નીતિ પ્રમાણે તેમની ફાળવણી તારીખ બદલી આપવાની થતી હોય તેવા કિસ્સાઓમાં નિગમ ધ્વારા નિયત કરવામાં આવેલ વપરાશના સમયગાળા ઉપરાંત વધારાનો સમયગાળો બિનવપરાશી દંડકીય રકમ ભર્યા સિવાય મળતો હોવા થી તેમને બિન વપરાશી દંડકીય રકમ માટે જે મુક્તિ સમય મળે છે તેની મંજુરી બાબત.

સંદર્ભ : (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/૩૯, તા. ૦૩/૧૦/૨૦૧૨

(૨) નિગમની સભા તા.૧૬/૧૨/૨૦૧૩ માં પસારા થયેલ ઠરાવ ક્રમાંક ૧૪૯/વિતરણ/૪૭૫/૨૦૧૩

ઉપરોક્ત સંદર્ભ-૨ થી નિગમ ધ્વારા પસાર કરવામાં આવેલ ઠરાવ અનુસાર ઉપરોક્ત સંદર્ભ-૧ થી જારી કરવામાં આવેલ તા. ૦૩/૧૦/૨૦૧૨ ના પરિપત્રમાં દર્શાવ્યા મુજબ પ્લોટ/શેડ કે મિલ્કતની ફાળવણીની તારીખ કોઈ પણ હોય પરંતુ પ્રત્યક્ષ કબજાની તા. ૦૧/૦૧/૨૦૧૨ પછીની જો હોય તો તેવા કિસ્સામાં પ્લોટ/શેડ કે મિલ્કતનો પ્રત્યક્ષ કબજો મળ્યાબાદ પરિપત્રમાં દર્શાવ્યા મુજબ વિસ્તાર આધારીત સમયમર્યાદા ઉદ્યોગકારને નકશા મંજુરી માટે બાંધકામ માટે તથા વપરાશ માટે આપવામાં આવેલ છે. આ સમયગાળાને હિસાબે તેઓને અગાઉના પરિપત્ર મુજબ ફાળવણી તારીખથી આપવામાં આવતી વપરાશ અંગેની મુદ્દતમાં આપોઆપ વધારો થવાથી તેઓના ધ્વારા બિનવપરાશી દંડકીય રકમ ભરવામાંથી જે મુક્તિ મળે છે. તેના સંદર્ભે દંડકીય રકમ નહી ભરવા માટે આપવામાં આવતી છુટછાટને મંજૂર કરવાનુ નક્કી કરવામાં આવ્યુ.

વધુમાં જે કિસ્સાઓમાં નિગમ ધ્વારા કાબુ બહારના સંજોગો (એટલે કે તા. ૨૦/૦૩/૧૯૯૮ ના પરિપત્રમાં દર્શાવેલ સંજોગો) મુજબ જો ફાળવણીદાર ફાળવેલ પ્લોટનો ઉપયોગ નિશ્ચિત સમયમર્યાદામાં કરી શકે તેમ ન હોય અને તે માટે તેઓને તા. ૨૦/૦૩/૧૯૯૮ ના પરિપત્ર આધારીત વિતરણ તારીખ બદલી આપવામાં આવે તો આવા કિસ્સાઓમાં પણ ફાળવણી તારીખથી વપરાશ માટે આપવામાં આવતી સમયમર્યાદામાં આપોઆપ વધતી હોય તે મુજબ ફાળવણી તારીખ બદલી આપવાની રહેશે અને બિનવપરાશી દંડકીય રકમમાંથી મુક્તિ આપવાની રહેશે. તેથી તેના સંદર્ભે દંડકીય રકમ નહી ભરવા માટે આવા કિસ્સાઓમાં આપવામાં આવતી છુટછાટને મંજૂર કરવાનુ નક્કી કરવામાં આવ્યુ. (cases where penalty has been levied and collected are not to be reopened).

આ બાબતની મંજુરીની સત્તા નિગમના ઉપા. અને વ.સં.શ્રીને સોંપવામાં આવેલ હોઈ મંજુરી અંગેની તમામ દરખાસ્ત વડી કચેરીએ માન. ઉપા. અને વ. સં.શ્રી સમક્ષ મંજુરી અર્થે રજુ કરવાની રહેશે.

ઉપરોક્ત પરિપત્ર મળ્યા અંગેની પહોંચ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીએ કાર્યપાલક નિયામકશ્રી વિતરણને નામ જોગ પત્ર ધ્વારા પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.......જાણ સારું.

<u>નકલ જવાબદારીત સહ રવાના:-</u>

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ... તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો............ તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.), જીઆઇડીસી, ગાંધીનગર.....નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ:
(signature)
જનરલ મેનેજર (ઇ.એન્ડએ.)